અંતરજાળ પાતાળિયા હનુમાન મંદિરે હનુમાન જયંતિ ઉજવણીની ચાલતી તૈયારી

ગાંધીધામ : તાલુકાના અંતરજાળ ગામે આવેલ સુપ્રસિદ્ધ પાતાળિયા હનુમાન મંદિરે હનુમાન જયંતિની ધામધુમપૂર્વક ઉજવણી અન્વયે તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાયો છે. આવતીકાલે ઉજવનારી હનુમાન જયંતિ નિમિત્તે વિવિધ જગ્યાએ કાર્યક્રમો યોજાનાર છે. ત્યારે ગાંધીધામ તાલુકાના અંતરજાળ ગામે આવેલ પાતાળિયા હનુમાન મંદિરે સવારે ૫.૦૦ કલાકે મહાઆરતી, ૯ કલાકે હોમ હવન, ૧૨ કલાકે મહાપ્રસાદ અને સાંજે ૪ કલાકે શોભાયાત્રાનું આયોજન હાથ ધરાયું છે.

આ ઉજવણીના ભાગરૂપે અંતરજાળ ગિરનારી યુવક મંડળ જોશભેર સહકાર આપી રહ્યો છે.

આ ધાર્મિક કાર્યક્રમમાં સૌ ધર્મપ્રેમીઓને ઉપસ્થિત રહી દર્શનનો લ્હાવો લેવા નિમંત્રણ પાઠવાયું છે.

તસ્વીર : અજય ખરારા

એકલ માતાજીના મેળા નિમિત્તે ભવ્ય સંતવાણી તથા બાઈક સ્પર્ધાનું આયોજન

ભચાઉ : કચ્છના વિખ્યાત યાત્રાધામ એકલ માતાના મંદિરે આજે અને આવીતકાલે ભવ્ય મેળાનું આયોજન કરાયું છે. જેમાં વિખ્યાત કલાકારોના ભજન ઉપરાંત અનેક સંતો - મહંતોની હાજરીમાં અન્ય ધાર્મિક કાર્યક્રમો અને બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૮ ચૈત્ર સુદ - ૧૪ના રોજ રાત્રે પૂર્વ કચ્છની રણકાંધીએ બિરાજતા માતાજીના સાનિધ્યમાં પૂનમની ચાંદની રાતમાં કિર્તીદાન ગઢવી, ઉર્વશી રાદડિયા, હરસુખગીરી, મોરારદાન ગઢવી તેમજ અન્ય સાજીંદાઓ અને વેગડ સાઉન્ડના સથવારે સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ તા.૯-૪ના મેળા પ્રસંગે સવારે યુવાનોમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવા સાથે સાહસિક વૃતિ કેળવાય તેવા ઉદેશ્યથી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ સીમા જન કલ્યાણ સમિતિના પ્રાંતમંત્રી દેવજીભાઈ વરચંદના હસ્તે કરાશે.

આ મેળા પ્રસંગે આશિર્વચન પાઠવવા પ.પૂ. મહંત ગોપાલનાથજી (કંથકોટ), પ.પૂ. મહંત દેવજીરાજા (ભારાપર), પ.પૂ. મહંત જગદીશગીરીબાપુ (મોમાયમોરા), પ.પૂ. મહંત ગંગાગીરીજી (રવેચી જાગીર, રવ), પ.પૂ. મહંત હરિસંગડાડા (ગુનેરી), પ.પૂ. મહંત હેમંતપુરી (કંડલા), પ.પૂ. મહંત જયેન્દ્રગીરી (સુરાચા), પ.પૂ. મહંત અર્જુનનાથજી (રાજડા ટેકરી), પ.પૂ. મંત ક્રિષ્ણાનંદજી (પાંકડસર), પ.પૂ. મહંત બ્રહ્માનંદજી (ચપલેશ્વર મહાદેવ, માંડવી), પ.પૂ. મહંત દિલીપરાજા (મોરઝર) તેમજ પૂજ્ય માતાઓ પ.પૂ. માતાશ્રી હાંસબાઈ માં (જશુબાઈ મંદિર, વોંધ), પ.પૂ. માતાશ્રી આત્માનંદજી (શ્રવણ કાવડિયા, ભચાઉ), પ.પૂ. માતાશ્રી અદ્વૈતગિરી (કૈલાશ ગુફા, ભુજ), પ.પૂ. માતાશ્રી અનસુયાદેવી (દુધઈ) અને કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પ.પૂ. મહંત યોગીશ્રી સિદ્ધનાથજી મહારાજ (આગ્રા) રહેશે. જ્યારે મુખ્ય મહેમાનો તરીકે જેન્તીભાઈ ભાંડેરિયા (પ્રાંત સહસંચાલક ગુજરાત સીમા જન કલ્યાણ સમિતિ, ગુજરાત), ગોવિંદભાઈ પ્રજાપતિ (ધારાસભ્ય પાલનપુર), આર.એસ. રાઠોડ (કમાન્ડર બી.એસ.એફ.), તારાચંદ છેડા (ક.જિ.ભા. પ્રમુખ), બાબુભાઈ મેઘજી શાહ (રાપર ધારાસભ્ય), રમેશભાઈ મહેશ્વરી (ધારાસભ્ય મુન્દ્રા), અરજણભાઈ રબારી, રામજીભાઈ ધેડા, હિરાભાઈ પચાણભાઈ માતા, નામોરીભાઈ જેઠાભાઈ ઢીલા, મહેન્દ્ર રવજી પટેલ, હિંમતદાન ગઢવી, ભચુભાઈ ધરમશી આરેઠિયા (મુંબઈ), વિરેન્દ્રસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા, ગણેશા આણંદા ઉંદરિયા, નારાણભાઈ આહિર, કરશન રામા વરચંદ, સુરૂભા અનોપસિંહ જાડેજા, અનોપસિંહ જીતુભા જાડેજા, વેલજી સવજી આહિર, કરશનભાઈ નાથાણી, ભીખાભાઈ ગઢવી, કાનાભાઈ અરજણભાઈ, રામુભા કલુભા જાડેજા, રૂપાભાઈ ચાડ, ભરતભા ગઢવી, નરેન્દ્રદાન ગઢવી, વાલાભાઈ છાંગા, હિરજી ભચુ શાહ, અમૃતગીરી પી. ગોસ્વામી, રાજ કે. બારી, વણવીરભાઈ રાજપુત, ભરતભાઈ સોની, ગોપાલભાઈ આહિર, મોમાયાભા ગઢવી, ધનરાજ જખુ ગઢવી, એકલ ડેવલોપર્સ ગ્રુપ (મુંબઈ), ગોપાલભાઈ આહિર, સવજી ભગવાનભાઈ બેર, માવજીભાઈ ત્રિકમભાઈ છાંગા, અશોકભાઈ શર્મા, વેલજીભાઈ, અરજણભાઈ જીવાભાઈ વરચંદ, કાનાભાઈ જગાભાઈ પટેલ, મુરજી ગોવા, સ્વરૂપસિહ રાઠોડ, ગોવિંદ ભગાભાઈ ચૌધરી (કંથકોટ) વગેરે ઉપસ્થિત રહેશે.

આ ભવ્ય આયોજનમાં પધારવા પ.પૂ. મહંત દેવદાનનાથજી બાપુ એકલ માતાજી મંદિર તથા સમસ્ત ભરૂડિયા ગામ મેળા સમિતિ તથા જન કલ્યાણ સમિતિ પૂર્વ કચ્છ દ્વારા સર્વે લોકોને મોટી સંખ્યામા ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

વેગીલા વાયરાએ સર્જી ઉપાધી

કચ્છમાં ઉનાળામાં ગુલાબી ચમકનો અનુભવ

ભુજ : કચ્છમાં વાદળારછદીત વાતાવરણ વિખેરાયા બાદ અચાનક જ પવનની ઝડપમાં નોંધનીય કહી શકાય એવો વધારો નોંધાયા બાદ ભેજનું પ્રમાણ વધતાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે અચાનક જ ગુલાબી ચમકનો અનુભવ થવા લાગ્યો હતો.

ભુજ સહિત જિલ્લાના અન્ય વિસ્તારોમાં બે દિવસથી પ્રતિ કલાક ૧૦થી ૧૨ કિ.મી.ની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. જેના પગલે ઉઠતી ધૂળની ડમરીઓએ માહોલને ધૂંધળો બનાવી નાખ્યો હતો. વરૂન દેવનું આ સ્વરૂપ વાહનચાલકો અને રાહદારીઓ માટે ઉપાધીનો સબક બન્યો હતો. વેગીલા વાયરાના લીધે ઠેકઠેકાણે કાચા હોડીંગ્સ તો ઉડવા જ લાગ્યા હતા. પવનની ઝડપ દિવસે જેટલી વધારે હતી તેટલું જ તેનું પ્રમાણ રાત્રિના અરસામાં જળવાઈ રહેવા પામ્યું હતું.

વાતાવરણમાં એક પલ્ટો એ પણ આવેલો જોવા મળ્યો હતો કે, પાછલા કેટલાય દિવસથી અંગારા વરસાવતી ગરમીમાં શેંકાતા કચ્છી માડુઓને ગઈકાલે સાંજ બાદ અચાનક જ ગુલાબી ઠંડકનો અનુભવ થવા લાગતા પ્રજાજનો પણ અચરજતા પૂર્ણ સ્થિતિમાં મુકાઈ ગયા હતા.

મહત્તમ પારો તમામ સ્થળોએ લુડકીને ઉપથી ૩૮ ડિગ્રીની વચ્ચે આવી ગયો હતો. જિલ્લાભરમાં ઉનાળાના વધતા પગદંડા વચ્ચે અચાનક જ બેવડા માહોલનો અનુભવ થવા લાગતા કચ્છી પ્રજા અચરજના આવરણ હેઠઈ ઢંકાઈ ગઈ છે તો હવામાન શાસ્ત્રીઓ પણ માથું ખંજવાળતા તો થઈ જ ગયા છે.

અંજાર - હનુમાન જયંતિ

અંજાર : નવા અંજાર મારૂતી ગ્રાઉન્ડ મધ્યે આવેલ હનુમાનજી મંદિરમાં હનુમાન જયંતિના ઉત્સવ પ્રસંગે તા. ૮-૪-૦૯ના બુધવારે રાત્રે ૧૦-૦૦ કલાકે હનુમાન ચાલીશાનો પાઠ તથા સંતવાણીના કલાકારો મહેન્દ્રસિંહ ઝાલા, ડાંગરભાઈ આહીર, વિજયભાઈ પંડયા તથા પ્રભુભાઈ દરજી ભજનના સુર રેલાવશે.

નાગર જ્ઞાતિ મંડળ - અંજાર

અંજાર : અંજાર નાગર જ્ઞાતિ મંડળ હાટકેશ જયંતિ તા. ૮-૪-૦૯ના બુધવારનો રોજે સવારે ૮-૩૦ કલાકે લઘુરૂદ્ર હોમાત્મક હવનમાં પરાગભાઈ એચ. પટ્ટણી દંપતિ દ્વારા પુજામાં બેસશે. હોમ હવન બાદ બપોરે ૧-૦૦ સમુહ ભોજન તથા સાંજે ૭-૦૦ કલાકે મહાપ્રસાદ જ્ઞાતિની સૂચિત વંડી વર્ધમાન નગર અંજાર મધ્યે રાખવામાં આવેલ છે. તો સર્વે નાગર જ્ઞાતિને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

લોકસભા ચૂંટણી જંગમાં અપક્ષ ઉમેદવાર તરીકે ઝંપલાવતા અંજારના નવયુવાન ગોવિંદ દાફડા

અંજાર : લોકસભાની ચૂંટણીઓની ઉમેદવારી નોંધાવવાના દિવસો જેમ જેમ ઘટી રહ્યા છે તેમ તેમ ઉમેદવારોના ફોર્મ ભરવાની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે અંજારના યુવાન વેબ ડિઝાઈનર ગોવિંદ દાફડાએ સરહદથી સંસદ સુધીની સફર પૂરી થવાના ખ્વાબ સાથે જિલ્લા ચૂંટણી અધિકારી, ભુજ સમક્ષ પોતાની અપક્ષ તરીકેની ઉમેદવારી નોંધાવી હતી. બંને રાષ્ટ્રીય પક્ષોએ જ્યારે પોતાના ઘોષણાપત્રો-ચૂંટણી ઢંઢેરાઓ પ્રજા સમક્ષ મૂકી દીધા છે. ત્યારે તેમાં રહેલી પોકળતાઓ સામે બળવો પોકારવા માટે યુવાનોએ આગળ આવવું જોઈએ. તેવી માન્યતા સાથે ફોર્મ ભરેલ છે.

ઉમેદવારી નોંધાવવા પાછળનું ખાસ કારણ ટેલિવિઝન અને ઈન્ટરનેટ, ટી.વી.માં ફ્રી-ટુ-એર ચેનલ લોકસભામાં આપણા મોકલેલા પ્રતિનિધિઓને ધામલ કરતા જોયા, ઈન્ટરનેટ પર યુટયુબમાં આજેય પણ એના વિડિયોઝ જોવા મળી શકે. કચ્છ-મોરબીના દરેક મતદારોને અપીલ છે તેને જોવા માટે આપણા નેતાઓના ખર્ચાઓ, સંસદ ચલાવવાનો ખર્ચ અને સંસદમાં કામગીરી ઠપ્પ હોય ત્યારે મારા દેશની જતાને વેઠવું પડતું નુકસાનના આંકડાઓ મોઢે છે.

વધુ પડતું મતદાન કયાંય નોંધાતું હોય તો તે છે ઝુંપડપટ્ટી એરિયા કે ગરીબ વિસ્તારો, જેમાં લોભ-લાલચ કે દબાણમાં આવીને અથવા તો ભેટ-સોગાદો આપીને મતોને ખરીદવા પ્રયાસ કરાય છે અને રાજકીય પાર્ટીઓ તેમાં સફળ પણ થાય છે. જેનો ભોગ ભણેલી-ગણેલી અને માનસિક સ્વસ્થ જનતાને બનવું છે. હારવા જીતવા કરતા જહેમત મારી તરફેણમાં કેટલા છે તે સાબિત કરવા માટેની ઉમેદવારી છે.

વધુ વિગતો અને વિચારો માટે રાષ્ટ્રીયહિત ઈચ્છતી જનતાને **www.kutchguide.com**ની મુલાકાત લેવા ઉમેદવાર ગોવિંદ દાફડાએ અનુરોધ કર્યો છે.

રૂદ્રમાતા જાગીરમાં ધર્મેન્દ્રગિરિ બાપુની પ્રથમ પૂણ્યતિથિ ઉજવાઈ

હવન, પ્રસાદ, રાસમંડળી, સંતવાણી જેવા કાર્યક્રમોનું આયોજન : કચ્છ - કાઠિયાવાડના સંતો-મહંતો ઉપસ્થિત

ભુજ : રૂદ્રમાતા જાગીર ટ્રસ્ટ દ્વારા રૂદ્રાણી જાગીરના પુરાણી મહંત ધર્મેન્દ્રગિરિ બાપુની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

જેમાં સવારે હોમાત્મક વિધિના યજમાન પદે નોખાણિયા અને ઢોરીના સેવક પરિવારો રહ્યા હતા. ત્યારબાદ પૂજન - અર્ચન અને બપોરે મહાપ્રસાદ જેવા કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. હોમાત્મક વિધિના આચાર્ય પદે રૂદ્રાણી મંદિરના સંત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કચ્છ - કાઠિયાવાડના ધર્મપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મંદિરમાં સવારે ધુન, પૂજા-અર્ચન જેવા કાર્યક્રમો યોજાયા હતા.

આ પુણ્યતિથિ પ્રસંગે રૂપાભાઈ ચાડ સહિત દરેક ગામના સરપંચો, આગેવાનો, સંતો-મહંતો અને ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સાંજે નોખાણીયા યુવક મંડળ દ્વારા રાસમંડળીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમૂહપ્રસાદ અને રાત્રે ૧૦ કલાકે કચ્છ - કાઠિયાવાડના ખ્યાતનામ કલાકારો દ્વારા ભવ્ય સંતવાણી અને ભજન-કિર્તન યોજાશે.

જિલ્લાના અકસ્માતોમાં ચાર ઘવાયા

ભુજ : શહેરના ભીડ નાકે છકડાએ ટક્કર મારતા રાહદારી તેમજ નાની ધુફી રોડ પર મોટર સાયકલ હડફેટે યુવાનને, ધાણેટી પાસે ટ્રક - બાઈક અકસ્માતમાં ચાલક તેમજ નખત્રાણામાં યુટીલિટીમાંથી પડી જતા વૃદ્ધને ઈજાઓ થવા પામી હતી.

હોસ્પિટલ પોલીસ ચોકીના હેડ કોન્સ. સુરતાજી સોઢાએ વિગતો આપતા જણાવેલ કે, ગઈકાલે સવારના અગિયાર વાગ્યે અબ્દુલ સાલેમામદ કુંભાર પગે જતો હતો ત્યારે પાછળથી છકડા ચાલકે ટક્કર મારતા ઈજાઓ થવાથી સારવાર માટે દાખલ કરાયો હતો. જ્યારે બીજીતરફ, અબડાસા તાલુકાના નાની ધુફી ગામના અભેરાજસિંહ પ્રાગજી જાડેજા (ઉ.વ.૩૦)ને અજાણી મોટર સાયકલના ચાલકે ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી જતા ઈજાગ્રસ્ત હાલતમાં દાખલ કરાયો હતો. તો બીજીતરફ, જુના તાલુકા પોલીસ સ્ટેશન પાછળ રહેતા જાકુબખાન ઓસ્માણખાન પઠાણ પોતાના વાહનથી સાયરાવાંઢ જતો હતો ત્યારે ધાણેટી ગામ નજીક ટ્રકે વાહન સામે એક્સિડેન્ટ કરતા ઈજાઓ થવા પામી હતી. અન્ય એક બનાવમાં નખત્રાણાના વથાણ ચોકમાં ચાલુ યુટીલીટી જીપમાંથી ગઈકાલે બપોરના ૧ થી ૧.૩૦ દરમ્યાન પડી જતા કારા મુસા કોલી (ઉ.વ.૬૦), રહે. કોલીવાસ નખત્રાણાને નાની-મોટી ઈજાઓ થતા હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

ભૂજોડી પાસે ત્રિપલ અકસ્માત : બાઈક ચાલક ઘવાયો

ભુજ : તાલુકાના વર્ધમાનનગર-ભૂજોડી પાસે ત્રિપલ અકસ્માત થતાં બાઈકચાલકને ઈજાગ્રસ્ત હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ આજે સવારે સાડા અગિયારથી પોણા બાર વાગ્યા દરમ્યાન ગુલાબભાઈ ભાનાણી ઉ.વ. ૩૧ રહે. મૂળ સુમરાસર હાલે શ્રૂજન ભૂજોડી પોતાની મોટર સાયકલથી જતો હતો ત્યારે મારુતી સાથે ભટકાઈ સ્લીપ થતા પાછળથી આવતા ટેમ્પાએ ટક્કર મારતા નાની-મોટી ગંભીર ઈજાઓ થવાથી ભુજની કચ્છ ઓથોપેડીક સર્જિકલ નામની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાતા તાલુકા પોલીસે જાણવા જોગ પરથી તપાસ હાથ ધરી હતી.

રવિવારે નખત્રાણામાં ૧૨ કુંડીય ગાયત્રી યજ્ઞ

નખત્રાણા : લોહાણા મહિલા મંડળ દ્વારા રવિવાર તા. ૧૨-૪ના ૧૨ કુંડિય ગાયત્રી યજ્ઞનું આયોજન ગણેશ ચોક, જૂનાવાસ ખાતે કરાયું છે. ભાગ લેવા માંગતા દંપત્તિઓએ ભરતભાઈ પલણ અને શ્રીમતી કાંતાબેન પલણનો સંપર્ક કરવો.

ગળપાદર નજીક બે લાખના શરાબ સાથે પકડાયેલ આરોપીઓને કોર્ટમાં રજુ કરાશે

ગાંધીધામ : તાલુકાના ગળપાદરથી આદિપુર જતા રોડ પરથી ગુન્હા શોધક શાખાની ટીમે બાતમી આધારે ટાટા સફારી કારમાં લવાઈ રહેલ ૨,૦૬ લાખના શરાબ સામે પકડી પાડેલ બે શખ્સોને રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરાશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગઈકાલે બપોરના ગળપાદર રોડ પરથી પકડી પાડેલ ૨,૦૬ લાખના ઈંગ્લીશ દારૂના જથ્થામાં આરોપી રવિન રમેશ જાટ તથા પવન અતરસિંહ જાટ રહે બંને હરિયાણા તથા તેની સાથેના ભાગી છુટેલા સોનું નામના શખ્સની ધરપકડ કરવા માટે તેમજ હરિયાળામાં કયા ઠેકેદાર પાસેથી ઈંગ્લીશ દારૂનો જથ્થો લીધેલ તેમજ કચ્છમાં ડિલીવરી કોને આપવાની હતી તથા ટાટા સફારી નંબર આર. જે. ૨૩યુબી ૧૭૭૩ ઉપર લખેલ સોનિયા ગાંધી એસો. લખેલ કેટલી હદે સત્ય છે તે તપાસના પાસાઓને ચકાસવા માટે બંને આરોપીઓને સાત દિવસના રિમાન્ડની માંગણી સાથે આજે કોર્ટમાં રજુ કરાશે. આરોપીઓના રિમાન્ડ દરમ્યાનની પૂછપરછમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવનારાઓના નામો ખુલવાની શકયતા સેવાઈ રહેલાનું એલ. સી.બી.ના પ્રવકતા એ જણાવ્યું હતું.

ભાજપ ભ્રષ્ટાચારના મુદ્દે લોકમત મેળવે : કોંગ્રેસની માંગ

ભુજ : ભાજપ દ્વારા દર ચૂંટણી વખતે લોકોને ભરમાવા માટે લોકોની લાગણી ઉશ્કેરી સત્તા મેળવવા માટે પ્રજાને ગુમરાહ કરે છે. ભાજપે અગાઉ રામમંદિરના મુદ્દે આતંકવાદના મુદ્દે તેમજ સમાજમાં ભાગલા પાડી આંતરિક કલહ ઉભી કરી પોતાના સ્વાર્થ માટે લોકોને ગુમરાહ કર્યો છે. ત્યારે આ ચૂંટણી વખતે આ કોઈ મુદ્દા ચાલી શકે તેમ ન હોઈ. લોકો ભાજપને ઓળખી ગયેલ હોઈ ફરી ભાજપે એક નવું ગતકડું ઉભું કરેલ છે એન. ડી.એ. સરકાર ફરી આવશે તો કાળુ નાણું પાછું લાવશું તેમ કહી લોકોની લાગણીઓ છંછેડવા માગે છે કારણ એન.ડી. એની સરકાર પાંચ વર્ષ સત્તા પર હતી અને વાજપાઈ વડાપ્રધાન હતા ત્યારે કાળુ નાણું પાછું લાવવાનું કેમ ન સૂઝયું ??? જ્યારે હવે કાળા નાણા બાબતે મુદ્દો ઉભો કરી અને માત્રને માત્ર મત મેળવવા ગતકડું ઉભું કર્યુ છે. લોકમત મેળવવા ભાજપ જણાવે છે ત્યારે ભાજપના ગુજરાતના મુખ્યમંત્રીને લોકમત મેળવવાનો હોય તો ગુજરાતમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ ખૂબ જ વધેલું છે માટે ભાજપ આ બાબતે લોકમત મેળવે તો ખરી હકીકત બહાર આવે તેમ છે.

આજ સામાન્ય પ્રજાના કોઈપણ કામ હોય જેવા કે રાશનકાર્ડ, હક્કપત્રકમાં નોંધ, રેવન્યૂ ઉતારા જીઈબી કોલ, દરેક ક્ષેત્રે વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર વ્યાપેલ છે તે માટે ભાજપે લોકમત મેળવવો જોઈએ એવી કોંગ્રેસની લાગણી છે. એવું જિલ્લા પ્રમુખ વી. હે. હુબલની યાદીમાં જણાવાયું છે.

છેલ્લાપાનાનુ ચાલુ...

કચ્છના કુખ્યાત...

જમાવવા માટેનો હણહણાટ હવાતિયા સ્વરૂપે શરૂ કરી દીધો છે. પરંતુ જેનો કોઈ ઈમાન નથી જેનું કોઈ આબરૂ નથી જેના કોઈ સિદ્ધાંતો નથી તે વ્યકિતને કયાં કોઈ પણ પ્રકારની શરમ નડે છે ખરી..? વિધાનસભા વખતે પણ આ કુખ્યાત દાણચોર શખ્સ કયાંક ને કયાંક અન્ય શીર્ષસ્થ રાજકીય પક્ષોનો મસમોટો સહારો બની ગયો હતો અને કોંગ્રેસમાં મોટાપાયે કનડગતો કરી અને અબડાસા બેઠક તથા ભુજ બેઠક પર મોટી રકમોની કોંગ્રેસ પાસે માંગ કરી ચુકયો છે. તે વળી પાછો લોકસભામાં પણ પોતાના મલિન ઈરાદાઓથી કોંગ્રેસને તોડવા માટે પક્ષમાંજ રહી અને ગદ્ધારીભર્યા કૃત્યો આચરતો હોવા સમાન કિસ્સાઓ બહાર આવવા પામી રહ્યા છે. ચર્ચાતી વાતો મુજબ આ દાણચોર શખ્સ પહેલેથી ફેંકાઈ ગયો છે ત્યારે હવે પોતાના એક મળતિયા અને વોર્ડ કક્ષાએ ચૂંટાયેલા એક શખ્સને પક્ષમાં ઉચ્ચ હોદાઓ અન્ય શિર્ષસ્થ રાજકીય પક્ષના ઈશારે અપાવવી રહ્યો હોવાથી સ્થાનિક ભારે કચવાટ સાથે નારાજગી ફેલાઈ રહી હોવાનો વર્તારો ઉભો થવા પામી રહ્યો છે. તેમ છતાં પણ કોંગ્રેસના ઉચ્ચકક્ષાના રાજયસ્તરના મોવડીઓએ સ્થાનિક અગ્રણીની લાગણીની અવગણનાઓ કરી અથવા તો તેમને વિશ્વાસમાં લીધા વિના જ આ વરણી કરી દેવાતા સ્થાનિક કોંગીજનોમાં ભારે નારાજગીનો સૂર દર્શાઈ રહ્યો છે. અને હજુ પણ જિલ્લા કોંગ્રેસના સબંધિત સેલમાં તો રીતસરના ઉભા તડા જ પડે તેવી વકી ખુદ સેલના ચેરમેન દર્શાવી રહ્યા છે.સ્થાનિકે અન્ય અનેક અગ્રણીઓ મૌજુદ હોવા છતા તેમની નજરઅંદાજી કરી અને અન્ય કોઈને ઉચ્ચકક્ષાએ હોદાઓ અપાઈ રહ્યા હોવા સામે સ્થાનિક કોંગ્રેસના મોટા અગ્રણી તૂટશે તેવી ભીતિ આ પક્ષના જ કેટલાક મોવડીઓ દ્વારા દર્શાવવામાં આવી રહી છે. પ્રદેશ કક્ષાએ જો કોઈને સ્થાન અપાવવું જ હોય તો અનેક સારી પ્રતિભાઓ છે તેમને સારૂં સ્થાન આપી શકાય તેમ છે. જિલ્લામાં ડોકટરો, વકીલો, ઉદ્યોગપતિઓ છે તેમને પ્રદેશ સ્તરે સ્થાન આપી શકાય તેમ છ. આ તમામની અવગણના શા માટે કરવામાં આવી છે..? તેવો કચવાટ પણ સબંધીત વર્તુળોમાંથી ઉઠવા પામી રહ્યો છે.

નારાજગી અંગે....

અવગત કરીશું. વધુમાં જીલ્લા પ્રમુખને વરણી કરવા અંગે પણ પૂછવામાં ન આવ્યુ હોવાની વાત કરી હતી. જો કે, તેમણે એમ પણ કહ્યું હતું કે, લઘુમતી ડીપાર્ટમેન્ટ છે તે કોંગ્રેસથી સહેજ અલગ જ છે. માટે તેના અગ્રણીઓ ઉપલીકક્ષાએથી સ્વતંત્ર રીતે જ નિર્ણય લેતા હોય છે. તેમ છતાં પણ ચૂંટણી ટાંકણે સ્થાનિકે જિલ્લા પ્રમુખને પૂછવાની કે તેમનો મત જાણવાની વાતને શ્રી હુંબલે મહત્વની ગણાવી હતી. તમારા મતે આ પરત ફરનારાઓને હાલના સમયે શું સૂચનો આપવા જોઈએ તેવું પૂછતા શ્રી હુંબલે વધુમાં કહ્યું હતું કે, ભાજપમાં જોડાવવા ઈચ્છનારાઓ અને જેમને ભાજપે ન સ્વીકાર્યા તેવા લોકોને પક્ષમાં પુનઃપ્રવેશ આપી દે તેના કરતા તો હાલના સમયે તેમને કામે લાગી જવાનું જ કહેવાની જરૂર હતી. અને તેમની હાલની કામગીરીના આધારે જ પક્ષમાં હોદાઓ અપાશે તેવી વાત કરાય તે જ સમયનો તકાજો અને માંગ હતી. તો હાલના સમયે જે નારાજગીનો માહોલ ઉભો થયો છે તે થવા પામ્યો ન હોત તેવું જણાવી અને નારાજગીને ચૂંટણી વેળાએ વકરણી અટકાવવા માટે ઉપલીકક્ષાએ તમામ સ્થિતિથી વાકેફ કરવાની ખાત્રી પણ શ્રી હુંબલે ઉચ્ચારી હતી.

કોંગ્રેસના ચાર...

કોંગ્રેસમાંથી જેમણે નાતો તોડી ભાજપમાં ગયા બાદ ભાજપે તેને ન સ્વીકારતા કોંગ્રેસમાં પુનઃપ્રવેશ કરતા તેમને પ્રદેશ કક્ષાના હોદાઓ મળી રહ્યા છે જે કોંગ્રેસ પક્ષની કમનશીબી જ કહેવાય. ઉપરાંત કચ્છ જિલ્લા કોંગ્રેસ લઘુમતી ડીપાર્ટમેન્ટના ચેરમેન પણ આ નારાજગી અને કચવાટને સ્પષ્ટ જોઈ રહ્યા હોવાથી નજીકના સમયમાં વધુ રાજીનામાઓ પડે તેવી વકી પણ દર્શાવી રહ્યા છે.

કંડલામાં કોન્ટ્રેકટ.....

ઉંડા હોવાનું દેખાઈ રહ્યું છે કેમકે, વર્ગ ૧-૨-૩ તેમજ અન્ય કેડરના કાયમી કર્મચારીઓ કંડલા પોર્ટ ટ્રસ્ટમાં ફરજ બજાવે છે તેમને સરકારી ગેસ્ટ હાઉસ તેમજ અન્ય સ્થળે જે પ્રકારની સવલતો મેળવે છે તેવી સવલતોનો લાભ આવા કોન્ટ્રેકટ પરના કર્મચારીઓ લઈ જઈ રહ્યા છે. અરે કેટલાક ભથ્થાઓ મેળવી લઈ મોટું નુકશાન પહોંચાડતા ચોંકાવનારી એ વાત સામે આવે કે, આ પૈકી કેટલાકની સર્વિસ હાફ ટાઈમની હોવા છતાં તેને ફુલ ટાઈમમાં ખપાવી દઈ એક રીતે તો જોવા જઈએ તો રમત જ રમાતી હતી.કંડલા પોર્ટ પર થોડા સમય અગાઉ જે જહાજ અકસ્માતો થયા તેમાં પણ જે-તે સમયે કોન્ટ્રેક્ટ પરના પાઈલોટની જવાબદારી દેખાઈ હતી. આમ છતાં કાયમી પાઈલોટની નિમણુંક કરવાના બદલે માથે રહીને આ વિભાગ સાથે સંકળાયેલા કેટલાક મિલીભગતીયા તત્વો માથે રહીને પાઈલોટ તરીકે ટ્રેઈનીઓથી ગાડું ગબડાવી પોતાનો લાભ ખાટી રહ્યા છે.

કેપીટીના ડેપ્યુટી કન્ઝરવેટર એચ.કે.સિબ્બલ આ બાબતે જણાવે છે કે, હાલે આ મહાબંદરે પાઈલોટની કોઈપણ પ્રકારની ઘટ નથી વળી જુની તપાસ ઉખેડવામાં આવી છે તે વાતથી પોતે અજાણ હોવાનું જણાવી કોન્ટ્રેક્ટ પર તેમજ કાયમી કેડરના પાઈલોટોને નિયમોનુસાર જ ચુકવણું કરવામાં આવે છે આવા આક્ષેપો અંગે તો તેમણે અજાણતા દાખવી વધુ કહેવાનું ટાળ્યું હતું.

આ સંદર્ભે કંડલા પોર્ટના સેક્રેટરી બાલેન્દુ તિવારીનો સંપર્ક સાધતા તેમણે આવું બની શકે તેમ ન હોવાનું કહી કાયમી અને કોન્ટ્રેક્ટ પરના કામદારોના માપદંડ અલગ હોવાનું જણાવી તપાસ આરંભાઈ હોવાની વાત અંગે તો સદંતર અજાણતા જ દર્શાવી હતી.

આડેસરમાં ઝેરી તાવ....

રહેતા હરિજન આંબા દેવા (ઉ.વ.૩૫) તેમના પત્ની શાંતિબેન આંબાભાઈ (ઉ.વ.૫૦) તેમજ મોટી મા અમરીબાઈ માંડણાને વાયરલ ફીવર દેઆય બદ અપાયેલી સારવાર કરગત ન નિવડી અને પખવાડિયામાં તો ચારેય લોકોને ઝેરી તાવ ભરખી ગયો હતો એકજ પરિવારના ચાર લોકોની જિવનલીલા સંકેલાતા પરિવાર જનોના હૈયાફાટ રૂદનથી વતાવરણ ગમગીન બની ગયું હતું.આરોગ્ય તંત્રને આ બાબતની જાણ કરવા છતાં તેમના તરફથી દરકારન લેવાઈ હોવાનો આક્ષેપ ગ્રામજનો દ્વારા થઈ રહ્યો છે. સાથો સાથ આ વિસ્તારના બાયોગેસ તબિબો સામે કડક હાથેકામ લેવામાં આવે તેવું પણ ઈચ્છવામાં આવી રહ્યું છે.

શિક્ષકે વિદ્યાર્થીને...

ન હોવા છતાં શિક્ષક ઢોર માર મારવાનું ચાલુ રાખી રાત્રીના સમયે ભોજન આપવાનું પણ ટાળ્યું હતું. સંચાલકને જાણ થતા તેઓએ મામલાને પૂર્ણવિરામ આપવાને બદલે વિદ્યાર્થીઓને શિક્ષા આપતા અંતે વહેલી સવારે ગોરેવાલીથી વિદ્યાર્થીઓ ભાગી ઢંઢી ગામે પગે પહોંચ્યા હતા. આ બનાવની જાણ થતા અન્ય સમા પરિવારોએ શિક્ષક પ્રત્યે રોષની લાગણી ઉત્પન કરી હતી. અને શાળાએ વિદ્યાર્થીઓની જ નહીં, વાલીઓની પણ લાગણી દુભાવી હતી. ગોરેવાલી સ્થિત મૌલાના આઝાદ આશરા શાળામાં બનેલા બનાવમાં કંઈક ખૂટતું હોય તેમ વાલીના જણાવ્યાનુસાર, શિક્ષકે ઢોર માર માર્યો હતો તો તેની પત્નીએ રાત્રીના ભાગે વિદ્યાર્થીઓના ટુવાલ સળગાવી દીધા હોવાનું ઉમેર્યું હતું. આ બનાવની જાણ થતા બન્ની પંથકમાં ચર્ચાઓ જાગી હતી. આ સંદર્ભે શિક્ષક સાથે ટેલિફોનિક સંપર્ક સાધતા તેઓએ ઘટના વિશે કંઈ બોલવાનું જ ટાળી ઘટનાને નક્કારી હતી. જ્યારે શાળાના ટ્રસ્ટી મીરખાન મુતવાએ ઘટના ઘટી હોવાનું સ્વિકાર કરતા કહ્યું હતું કે, માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ શાળાની શિક્ષિકા સામે ગાળા-ગાળી કરી હતી જેથી આવું ન કરવા શિક્ષકે માત્ર શિક્ષા કરી હતી. પરંતુ ઢોર માર માર્યો ન હોવાનું જણાવ્યું હતું. માર ખમનારા ખાવડાની બાજુમાં આવેલ ઢંઢી ગામના હોવાનું જણાયું હતું. જે ગોરેવાલી સ્થિત આ શાળાની હોસ્ટેલમાં અભ્યાસ કરે છે અને સમા (મુસ્લિમ) પરિવારના હોવાનુંમનાય છે.

આકાશવાણી-ભુજ

શનિવારના કાર્યક્રમો

પહેલી સભા

૬.૦૫ વિચાર બિન્દુ : નિષ્કામ ભક્તિ - પઠન ભાવના માંકડ
૦૬.૦૬ આરાધના :
૬.૩૦ કૃષિ માહિતી - પશુમાં આફરો
૬.૩૫ રામચરિત માનસ
૦૬.૫૦ સ્થાનિક સમાચાર
૦૭.૨૦ વંદના :
૦૭.૩૦ નિહારીકા : આમ કેમ ? રોજબરોજના જીવનમાં બનતી ઘટનાઓની વૈજ્ઞાનિક સમજુતી - શ્રી હીમાંશુ બારોટ
૦૮.૩૦ વસુંધરા : પ્રકૃતિ સંગ પશુપાલન : શ્રી યાદવ એમ. ગઢવી
૦૮.૫૦ ગીત સુધા :
૦૯.૦૫ ગીત સુધા :
૦૯.૨૦ મનોરંજન
૦૯.૪૫ શાસ્ત્રીય સંગીત : મદન મિશ્રા : તબલા વાદન

બીજી સભા

૧૨.૩૦ પનઘટ :
૦૧.૦૩ જય ભારતી
૦૨.૦૩ હિન્દી સમાચારનો સંકલિત કાર્યક્રમ
૦૩.૦૦ ગીત ગુર્જરી : આનંદકુમાર સી.
૦૩.૧૫ કચ્છી લોકગીતો : મોતિયાર ઉમર સુલેમાન

ત્રીજી સભા

૦૫.૦૫ ગુલમહોર
૦૫.૩૦ ગુજરાતી ભજન
૦૫.૪૫ સિન્ધી કાર્યક્રમ
૦૬.૩૦ યુવવાણી : નાટક ડંખ : લે. અને રજૂઆત શ્રી બીપીન ધોળકીયા
૦૭.૨૧ ગામજોચોરો : સ્વચ્છતા અને આરોગ્ય
૦૮.૦૦ : ચિત્રપટ સંગીત :
૦૮.૩૦ હિન્દી સુગમ સંગીત
૦૯.૧૬ પ્રાયોજીત કાર્યક્રમ
૦૯.૩૦ ગુજરાતી નાટ્ય મહોત્સવમાં પ્રસારિત થયેલ નાટકો અંગે આવેલા પત્રો આધારિત કાર્યક્રમ
૧૦.૦૦ ચિત્રગુંજન :
૧૦.૩૦ શાસ્ત્રીય સંગતી : અરવિંદ ગજેન્દ્રગકર : બંસરી વાદન

અવસાન નોંધ



ગાંધીધામ : શ્રીમાળી સોની ત્રિભોવનદાસ બાબુલાલ (ઉ.વ.૬૧) તે સ્વ. આડેસરા બાબુલાલ ડુંગરશીના પુત્ર કનૈયાલાલ, પરસોત્તમ, જગદીશ, બીહારીભાઈ, બીપીનભાઈ, મહેશભાઈ તથા કમળાબેનના મોટાભાઈ, સ્વ. સોની મોહનલાલ, માધવજી (ભુજ)ના જમાઈ પ્રભાવતીબેનના પતિ, રાણપરા પ્રતીમાબેન પ્રફુલકુમાર (રાજકોટ)ના પિતા મનસુખાલાલ, પરસોત્તમ, પાટડીયા (ખોંભડીવાળા)ના મોટા સાળા તા.૬-૪-૦૯ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ગુરૂવાર તા.૯-૪-૦૯ના સાંજે ૫ થી ૬ વાગ્યે શ્રીમાળી સોની સમાજ વાડી ગાંધીધામ મધ્યે રાખેલ છે.

ગામ : કાઠડા, તા. માંડવી : ગઢવી કલ્યાણ દાદા સાખરા (ઉ.વ. ૭૧) રામયબેનના પતિ વિશ્રામ કનૈયા માલતી જશોદાના પિતાજી તા. ૬-૪-૦૯ના અવસાન પામ્યા છે. તેમની સાદડી નિવાસ સ્થાને કાઠડા, ઉત્તર ક્રિયા (પાણી) તા. ૧૬-૪-૦૯ના રાખેલ છે.

આયુર્વેદીક ઉપચાર દ્વારા બે લાખથી વધુ

દર્દીઓની સારવાર કરનાર ડૉ. વી.કે. શુકલનું તા. ૧૨ એપ્રિલના ગાંધીધામ ચેમ્બર ખાતે વકતવ્ય

ગાંધીધામ : ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગરના પંચકર્મ અને માનસ રોગ વિભાગના વડા અને બે લાખ કરતાં પણ વધુ દર્દીઓની આયુર્વેદના માધ્યમથી સુશ્રુષા કરનાર પ્રોફેસર ડૉ. વી.ડી. શુકલનું એક વકતવ્ય ગાંધીધામ ચેમ્બર ભવન ખાતે આગામી રવિવાર તા. ૧૨-૪-૦૯ના સાંજે ૫-૩૦ વાગ્યે યોજાયું છે.

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલયાણ વિભાગ દ્વારા ઉજ્જૈન મધ્યે સ્વાસ્થયમાં પંચકર્મના યોગદાન એ વિષય પર આયોજીત રાષ્ટ્રીય સેમીનારમાં ડૉ. શુકલના સંશોધન પેપરને શ્રેષ્ઠ સંશોધન પેપર તરીકેનો એવોર્ડ એનાયત થયો છે. વળી, વિશ્વમાં સૌથી ઉચી ૭.૩ મીટર (૨૪ ફુટ)ની શેરડી ઉગાડીને તેમણે ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન મેળવ્યું છે.

ગાંધીધામની લાયન્સ કલબ, રોટરી કલબ, કંડલા ટીમ્બર એસો. તથા કચ્છ જિલ્લા આયુર્વેદ સંમેલન તથા ગાંધીધામ ચેમ્બરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમમાં ડૉ. શુકલ અને આર્યુવેદ ડૉકટરોની વિશેષ ટીમ તા. ૧૨ના ઉપસ્થિત હેશે અને તેમના વકતવ્ય દ્વારા માર્ગદર્શન આપશે.

આર્યુવેદીક ઉપચારો દ્વારા ઉચ્ચ રકતપાત, મધુપ્રમેહ અને સંધિવા જેવા રોગ સામે રક્ષણ મેળવવા તેમજ આદિશામાં જાગૃત્તિ મેળવાના ઉમેદા ઉદેશ્યથી આ વકતવ્યનું આયોજન કરાયું છે. આયોજનમાં વિવિધ સંસ્થાઓ ઉપરાંત અહીંના અગ્રણી ધારાશાસ્ત્રી શ્રી વી.પી.આલવાણી અને ડૉ. કિશોર માહેશ્વરીનો સુંદર સહયોગ સાંપડયો છે.

આ કાર્યક્રમની કોઈ પ્રવેશ ફ્રી નથી. આર્યુવેદ દ્વારા સ્વસ્થ જીવનમાં રસ ધરાવતા સૌને ઉપસ્થિત રહેવા ગાંધીધામ ચેમ્બરના માનદ મંત્રી શ્રી મહેશ એસ. તિર્થાણીએ અનુરોધ કર્યો છે.

આંખના પડદાના નિષ્ણાંત મળી શકશે

ડૉ. ભરત રામચંદાણી, M.B.B.S., M.S. (ગોલ્ડ મેડાલિસ્ટ)

ફેલો વિટ્રિઓ રેટિનલ ડિસિઝ, તા. ૨૬/૪/૦૯
તથા ૨૬/૪/૦૯, સવારે ૯:૦૦ વાગ્યાથી, તોલાણી
આઈ હોસ્પિટલ એન્ડ રિચર્સ સેન્ટર, આદિપુર ખાતે...

પ્લોટ નં.૭૮/એ, એન.યુ.૧૦/બી શક્તિનગર, ગાંધીધામ અંગે જાહેર નોટીસ

હું નીચે સહી કરનાર **દ્રોપદી શિવાભાઈ મકવાણા** તે સ્વ. શ્રી શિવાભાઈ ધૂડાભાઈની પુત્રી પૂર્ણ હોશો હવાસમાં આ નોટિસથી જાહેર કરીને જણાવું છું કે, તા.૭/૪/૨૦૦૯ના દૈનિક વર્તમાનપત્ર કચ્છ ઉદયના પાના નં.(૫)માં મે મારા વકિલ શ્રી મારફ્તે પ્લોટ નં.૭૮/એ, એન.યુ.૧૦/બી, વાળી ગાંધીધામમાં સ્થવાર મિલકતમાં મારા હક્ક બાબતે વાંધો નોંધાવેલ જેને અનુલક્ષીને મારી માતા મધુબેન શિવાભાઈ મકવાણા અને મારાભાઈઓ સર્વ શ્રી ગણપત શિવાભાઈ મકવાણા સાથે કૌટુંબિક સમજુતિ મુજબ શાંતિથી સમાધાન થઈ ગયેલ છે. ઉપરોક્ત વર્ણવેલ મિલકત બાબતે મારે હાલે કઈ પણ વર વાંધો, હક્ક, વારસો રહેતો નથી. આજ રોજ સહી કર્યા તારીખના રોજ મારો સુમેળ સમાધાન થતાં હું તારીખ : ૭/૪/૨૦૦૯ વાળી નોટીસ રદ બાતલ જાહેર કરૂં છું અને પ્લોટ નં.૭૮/એ, એન.યુ. - ૧૦/બી ગાંધીધામ વાળા મકાનના ટાઈટલ બાબતે ટાઈટલ કલીયર હોવાનું હું શુદ્ધ બુદ્ધિથી જાહેર કરૂં છું. મારી માતા મધુબેન શિવાભાઈ મકવાણા ઉપરોકત મિલ્કત કોઈપણ શખ્સને વહેંચે, સાટે કે મરજીસરની વ્યવસ્થા કરે તો તેમાં મારે કોઈ વાંધો નથી.

તારીખ : ૮/૪/૨૦૦૯
સ્થળ : ગાંધીધામ

દ્રોપદી શિવાભાઈ મકવાણા
તે સ્વ. શ્રી શિવાભાઈ ધૂડાભાઈની પુત્રી